કેસ દાખલ તારીખ :-૧૩/૧૦/૨૦૨૩
કેસ રજીસ્ટર તારીખ :-૧૩/૧૦/૨૦૨૩
ફૈંસલ તારીખ :- ૩૦/૦૬/૨૦૨૬
સમય ગાળો વર્ષ માસ દિવસ
૦૨ ૦૮ ૧૭

# એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી ની કોર્ટમાં.મુ.રાધનપુર જી.પાટણ

**ક્રિમીનલ પરચુરણ અરજ નંબર ૨૧૧/૨૦૨૩**

**આંક : ૨૨**

**અરજદાર :-** (૧) શેખ રૂખશાનાબેન અબદુલભાઈ,
ઉ.વ.આ.૫૪, રહે.ઠે.કુંભારવાસ,
મુ.તા.રાધનપુર,જી.પાટણ.

**વિરૂધ્ધ**

**સામાવાળા :-**(૧) શેખ અબદુલભાઈ હસુભાઈ,
ઉ.વ.આ.૫૮, ધંધો. ખેતી તથા ડ્રાઈવીંગ,
(૨) શેખ મહંમદભાઈ ઉર્ફે મુમતાજ લલુભાઈ,
ઉ.વ.આ. ૪૫, ધંધો : ઘરકામ,
બંને રહે.ઠે.અન્સારીપીર, મુ.તા.રાધનપુર,જી.પાટણ.

## અરજ :- ઘરેલું હિંસા થી સ્ત્રીઓનુ રક્ષણ અધિનીયમ,૨૦૦૫ ની કલમ ૧૨ અન્વયે....

**અરજદાર તરફે : વિ.વ.શ્રી એચ.કે.પારકરા**
**સામાવાળા નં.૧ અને ૨ તરફે : વિ.વ.શ્રી કે.એમ.કાઝી**

**-:: જજમેન્ટ ::-**

**(૧)**આ કામે અરજદારે ઘરેલું હિંસા થી સ્ત્રીઓ નુ રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૧૨ ની જોગવાઈ મુજબ ના હુકમો મેળવવાની આ અરજ ની ટુંક માં હકીકત એવી છે કે- અરજદાર ના નિકાહ સામાવાળા નં.૧ સાથે આ અરજ કર્યા ના ૪૦ વર્ષ અગાઉ અરજદારના વતન ઝાલોદ, તા.ઝાલોદ મુકામે સમાજ ના રીત રીવાજ મુજબ ધાર્મિક વીધી અનુસાર થયેલ. આમ, સામાવાળા નં.૧ અરજદાર ના પતિ થાય છે. અરજદાર ના નિકાહ બાદ અરજદાર ઘર સંસાર નીભાવવા માટે સામાવાળા નં.૧ ને ત્યાં રહેવા માટે રાધન પુર આવેલા. હતા અને લગ્ન જીવન સારી રીતે ચાલતુ હતુ અને લગ્નજીવન દરમિયાન અરજદાર ને ચાર

પુત્રી અને એક પુત્ર નો જન્મ થયેલો જેમાં સૌથી મોટા ફરજાબાનું અબદુલભાઈ અને તેનાથી નાના મોહશીનભાઈ અબ્દુલ ભાઈ તથા તેના નાના રિહાનાબાનું અબદુલભાઈ અને તેનાથી નાના રોશનબાનુ અબદુલભાઈ અને તેનાથી નાના હાજરાબાનું અબદુલભાઈ નાઓ છે. તેઓના તમામ સંતાનો પુખ્ત વય ના છે અને તમામ સંતાનો ના લગ્ન થઈ ગયેલ છે. અરજદાર નુ સુખી લગ્ન જીવન સામાવાળા નં.૧ સાથે ચાલતુ હતુ દરમ્યાન સામાવાળા નં.૧ સાથે સામાવાળા નં.ર સને ર૦૦પ માં સંપર્કમાં આવતાં સામાવાળા નં.૧ ના સામાવાળા નં.ર સાથે ગેરકાયેદસર નો અનૈતિક સબંઘ રાખતા અને તેના કારણે અરજદાર ને સામાવાળા નં.૧ ના નાની નાની વાતો માં મહેણા ટોણાં મારી અરજદાર ને શારીરીક અને માનશીક ત્રાસ આપતા અરજદાર ને સામા વાળા નં.ર ની ચઢમણી થી સામાવાળા નં.૧ અવાર નવાર મારઝુડ કરી શારીરીક અને માનશીક ત્રાસ આપતા અને અરજદાર આ ત્રાસ મુંગા મોઢે સહન કરતા. આ અરજ કર્યા ના છ માસ પહેલા સામાવાળા નં.૧ નાએ ગાડી લેવા માટે રૂા.ર,૦૦,૦૦૦/– ની દહેજ ની માંગણી અરજ દાર પાસે કરેલ અને જો દહેજ નહી લાવે તો કેરોસીન છાંટી જીવતી સળગાવી દેવાની ઘમકી આપી સામા વાળા નં.૧ તથા નં.ર ના એ અરજદાર ને શારીરીક અને માનશીક ત્રાસ આપી મારઝુડ કરી ને ઘર માં થી કાઢી મુકેલ છે અને કાઢી મુકયા બાદ અરજદાર રાઘનપુર માં કુંભારવાસ માં ભાડે મકાન રાખી ઓશીયાળું જીવન ગુજારે છે. અરજદાર ને સામા વાળાઓએ પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકી ત્યારે સામાવાળા એ તેઓના પિતાએ આપેલ દાગીના સોનાની બુટ્ટી એક તોલાની, ચાંદી ની પગ ની પાયલ પાંચસો ગ્રામ ની,સોનાનો દોરો બે તોલાનો વિગેરે દાગીના ઓ સામાવાળાઓએ બળજબરી થી પડાવી લીઘેલ.સામા– વાળા નં.૧ અરજદાર ને તેડતા નથી કે ભરણ પોષણ ની દરકાર લેતા નથી અરજદાર કોઈ કમાતા નથી કે કોઈ હુન્નર ઉઘોગ જાણતા નથી. સામાવાળા નં.૧ ખેતી ની મોટી જમીન ઘરાવે છે. તેમજ પોતાની માલીકી ની રીક્ષા ચલાવીને માસિક રૂા.ચાલીસ હજાર જેટલુ કમાય છે તેમજ મોજશોખ ના તમામ સાઘનો ઘરાવે છે તેમજ પાકા ઘર ના મકાનો છે ઉપર વિશેષ કોઈ જવાબદારી નથી. અરજદાર ઓશીયાળુ જીવન જીવે છે. આમ ઉપરોકત હકીકતે અરજદારે પોતાની અરજી લગત **ફોર્મ નં.ર** સામેલ કરી ઘરેલુ હિંસા થી સ્ત્રીઓ નું રક્ષણ અઘિનિયમ ની કલમ ૧૮ મુજબ ૧)સામાવાળા વિરુઘ્ઘ મનાઈ ફરમાવવા ર) દાવા ની રકમ રુ.૧,૦૦,૦૦૦/–મેળવવા કલમ ર૦ મુજબ ૧) નાણાં સબંઘક ખર્ચા ચુકવવા ર) ખોરાક,કપડાં, દવાઓ તથા બીજી પાયા ની જરુરીયાત માટે માસિક રુ. ૩૦,૦૦૦/–મેળવવા ૩) કૌટુંબિક ખર્ચા તરીકે રકમ રૂા. પ,૦૦૦/–મળી કુલ રકમ રૂા.૩પ,૦૦૦/– અપાવવા દાદ માંગેલ છે.

**ર)** અરજદાર ની અરજી ની સામાવાળાઓ ને નોટીસ ઈસ્યુ કરતાં સામાવાળા તેમના વિ.વ.શ્રી મારફત આ કામે હાજર થયેલ છે પરંતુ પુરતી તક આપવા છતાં જવાબ રજુ નહી કરતાં સામાવાળાઓ ના જવાબ નો હકક બંઘ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

**૩**) આ કામે અરજદાર તરફે નીચે મુજબ નો લેખિત મૌખિક પુરાવો રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| અનુ. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર નુ લેખિત સર તપાસ નુ સોગંદનામુ | ૧૭ |

ત્યારબાદ અરજદાર તરફે **આંક ૨૧** થી પુરાવો પુર્ણ થયાની **કલોઝીંગ પુરસીસ** રજુ કરવામાં આવેલ છે.

**૪)** આ કામે સામાવાળાપક્ષે પુરતી તક આપવા છતાં પુરાવો રજુ કરેલ ના હોઈ સામાવાળા ના પુરાવા નો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે આમ સામાવાળાપક્ષે કોઈ લેખિત–મૌખિક પુરાવા રજુ થયેલ નથી.

**૫)** ત્યારબાદ આ કામે અરજદાર તથા સામાવાળાપક્ષે પક્ષે વિ.વ.શ્રી ને સાંભળ્યા તથા આ કામ નું રેકર્ડ વંચાણે લીધુ આમ સદર અરજ ના ન્યાયીક નિર્ણય સારુ નીચે મુજબ ના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: <u>મુદ્દા</u> :–**

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળા નં.૧ તેણીના વિધીવત ના પરણીત પતિ છે ? તેમજ શું સામાવાળા એ,અરજદાર નો વ્યાજબી કારણ વગર ત્યાગ કરેલ છે ?

(૨) શું અરજદાર તેઓની અરજી ના ફોર્મ નં.૨ મુજબ ઘરેલુ હિંસા થી સ્ત્રીઓ નું રક્ષણ અધિનિયમ ની કલમ ૧૮ મુજબ સામાવાળા વિરુધ્ધ મનાઈ ફરમાવવાની દાદ મેળવવા હકક દાર છે ?

(૩)શું અરજદાર તેઓની અરજી ના ફોર્મ નં.૨ મુજબ દાવા ની રકમ રુ.૧,૦૦,૦૦૦/–મેળવવા હકકદાર છે ?

(૪) શું અરજદાર તેઓની અરજી ના ફોર્મ નં.૨ મુજબ ખોરાક,કપડાં,દવાઓ તથા બીજી પાયા ની જરુરીયાત માટે માસિક રુ.૩૦,૦૦૦/–તથા કૌટુંબિક ખર્ચા તરીકે રકમ રૂા.૫,૦૦૦/–મળી કુલ રકમ રૂા.૩૫,૦૦૦/– મેળવવા હકકદાર છે ?

(૫) શું હુકમ ?

**૬**) ઉપરોકત મુદ્દાઓનો ન્યાયીક નિર્ણય કારણો સહિત નીચે મુજબ છે.

(૧) હકાર માં,

(૨) નકાર માં,

(૩) નકાર માં,

(૪) અંશતઃ હકાર માં,

(૫) આખરી હુકમ મુજબ.

**-: <u>કા ર ણો</u> :-**

**<u>મુદ્દા નં.૧ અને ૪ સંયુકત :-</u>**

**૭**) આ કામે અરજદારપક્ષે તેઓની અરજીની હકીકત પુરવાર કરવા સારુ રજુ કરેલ પુરાવો જોઈએ તો આંક ૧૭ થી અરજદારે સોગંદ ઉપર રજુ કરેલ લેખિત સર તપાસ ના સોગંદનામા માં પોતાની અરજી માં જણાવેલ હકીકતો નું પુનરાવર્તન કરેલ હોઈ તેની પુનરાવર્તીત ચર્ચા ન કરતા યોગ્ય ઠેકાણે આ ઠરાવ માં તેની ચર્ચા કરવામાં આવેલ છે.પરંતુ અરજદાર એ તેઓની અરજી ને અનુરુપ સર તપાસ નુ સોગંદનામુ રજુ કરેલ છે તથા પુરતી તક આપવા છતાં સામાવાળાપક્ષે અરજદાર ની ઉલટ તપાસ લેવામાં આવેલ નથી તથા અરજદાર ની ઉલટ તપાસ નો સામાવાળા પક્ષ નો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે તથા સામાવાળા ધ્વારા અરજદાર ની અરજ નો લેખિત જવાબ રજુ કરી Defense કરવાનુ પસંદ કરેલ નથી આમ અરજદાર ની  અરજ અન- કોન્ટેસ્ટ  છે  સબબ અરજદાર ધ્વારા તેઓની અરજ માં પ્રતિપાદીત કરેલ સામાવાળા નં.૧ સાથે ના લગ્નેતર/સામાજીક સબંધો ખરા નહી હોવાનુ માનવાને કોઈ કારણ જણાતુ નથી આમ અરજદાર તે સામાવાળા નં.૧ ના વિધીવત ના પરીણીત પત્ની હોવાની હકીકત બિન તકરારી હોવાનુ ફલિત થાય છે તે જ રીતે અરજદારે આ અરજ તેઓના ધર્મ ના સોગંદ ઉપર રજુ કરેલ છે તથા તેના સમર્થન માં અરજદાર ધ્વારા આંક ૧૭ થી સરતપાસ નુ સોગંદનામું રજુ થયેલ છે તથા અરજદાર ની અરજ સંદર્ભે પ્રોટેક્ષન ઓફીસર નો અહેવાલ આંક ૦૪ પણ હકારાત્મક છે આમ આ તમામ હકીકત જોતાં અરજદાર ના પ્રતિપાદીત કર્યા મુજબ આ અરજ કરતા સમયે તેઓનુ સામાવાળા સાથે નુ ૪૦ વર્ષ નુ લગ્ન જીવન  હોવાનુ ફલિત થાય છે  તથા આ લગ્ન જીવન થી અરજદાર એ સંતતી ને જન્મ આપેલ છે તથા કોઈ સ્ત્રી એક માત્ર ભરણ પોષણ ની રકમ મેળવવાના આશય માત્ર થી અને તે પણ સંતાન પ્રાપ્ત થયા બાદ વિના કારણે પોતાના પતિનો ત્યાગ કરી પોતાના લગ્નેતર સંબધો બગાડે તે હકીકત વિરુધ્ધના તથા સબળ પુરાવા ની ગેરહાજરી માં માનવાને પાત્ર નથી. આમ,વિરુધ્ધ ના તથા ખંડનકારક અને સબળ પુરાવા ની ગેર હાજરી માં અરજદાર ના સામાવાળા નં.૧ ઉપર ના આક્ષેપો ને નહી માનવાનુ કોઈ કારણ જણાતુ નથી.આમ અરજદાર તે સામાવાળા નં.૧ ના વિધિવત ના પરણિત પત્ની છે અને સેટલ્ડ લૉ મુજબ પોતાનુ ગુજરાન નહી કરી શકનાર અરજદાર (પત્ની) તેણીની ના પતિ (સામાવાળા નં.૧) પાસે થી ભરણપોષણ મેળવવાનો હકક ધરાવે છે.આમ સામાવાળા નં.૧ નાએ અરજદાર ના ભરણપોષણ ની કોઈ વ્યવસ્થા કરેલ હોય કે અરજદાર આવક કમાણી કરતા હોય કે અરજદાર ની પાસે આવક કમાણી ના સાધનો હોય તેવુ પુરવાર થતુ નથી.જેથી અરજદારનું ભરણપોષણ કરવાની કાયદેસરની  અને  નૈતિક જવાબદારી સામાવાળા નં.૧ ઉપર રહેલ છે અને સામાવાળા નં.૧ અરજદાર નુ ભરણપોષણ કરવા બંધાયેલા છે. હવે અરજદાર એ તેઓના ભરણ પોષણ સારું કુલ મળી માસિક રૂ.૧૫,૦૦૦/-લેખે ની રકમ મેળવવા દાદ માંગેલ છે પરંતુ અરજદાર ના માસિક ઘર ખર્ચ ની /જીવન જરૂરીયાત ના ખર્ચ ની કોઈ

વિગતવાર ની હકીકત અરજી કે તેઓના સોગંદ ઉપર ના પુરાવા માં રજુ કરી જણાવેલ નથી તે જ રીતે અરજદાર એ સામાવાળા નં.૧ ખેતિ ની જમીન ધરાવતા હોવાનુ તથા પોતાની માલીકી ની રીક્ષા ચલાવી માસિક રૂ.૪૦,૦૦૦/-જેટલુ કમાતા હોવાનુ તથા સામાવાળા નં.૧ મોજ શોખ ના સાધનો, પાકા મકાન ધરાવતા હોવાનુ તથા સામાવાળા નં.૧ ઉપર અન્ય કોઈ ની જવાબદારી નહી હોવાનુ પ્રતિ પાદીત કરેલ છે પરંતુ અરજદારે સામાવાળા નં.૧ ની ખેતિ ની જમીન હોવાનુ તથા પોતાની માલીકી ની રીક્ષા આવેલાનુ બતાવવા કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી તે જ રીતે સામાવાળા નં.૧ ની પ્રતિ પાદીત કરેલ માસિક આવક ની હકીકત સ્વતંત્ર પુરાવો રજુ કરી પુરવાર કરેલ નથી.આમ,અરજદાર પક્ષ સામાવાળા નં.૧ ની સચોટ આવક પુરવાર કરી શકેલ નથી.પરંતુ વિરુધ્ધ ના પુરાવા તથા યોગ્ય બચાવ ની ગેર હાજરી માં તથા એબલ બોડી ના સિધ્ધાંત મુજબ સામાવાળા નં.૧ને આવક ના સાધન છે તથા સામાવાળા નં.૧ આવક કમાણી મેળવી રહેલ છે તેવુ માનવાને પાત્ર રહે છે.તે જ રીતે અરજદાર એ તેઓના સામાજીક/આર્થિક માન મોભા અંગે પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી પરંતુ અરજદાર નો એક સામાન્ય વ્યકિત તરીકે નો દરજ્જો ગણવામાં આવે તો પણ હાલ ના સંજોગો તથા મોંઘવારી ના સમય માં પુખ્તવય ના અરજદાર ને તેમના ભરણ પોષણ સારુ માસિક રૂ.૪,૦૦૦/-ની રકમ સામાવાળા નં.૧ પાસે થી વસુલ અપાવવામાં આવે તો તેટલી રકમ માં અરજદાર નું સરળતા થી ગુજરાન થઈ શકે તેમ જણાય છે.આમ,અરજદાર ની અરજી તથા તેના સમર્થન માં રજુ પુરાવો ધ્યાને લેતાં તથા સામાવાળાપક્ષના બચાવ ની ગેરહાજરી માં સામાવાળા નં.૧ ના એ અરજદાર નો વિના કારણે ત્યાગ કરેલાનું તથા અરજદાર ના ભરણ પોષણ ની કોઈ વ્યવસ્થા સામાવાળા નં.૧ ના એ કરેલ નહી હોવાનું અરજદાર પુરવાર કરવામાં સફળ થતા હોઈ મુદ્દા નં.૧ નો નિર્ણય હકાર માં આપી અરજદાર ભરણપોષણ પેટે માસિક રૂ.૪,૦૦૦/-(ચાર હજાર પુરા)લેખે ની રકમ સામાવાળા નં.૧ પાસે થી વસુલ મેળવવા હકકદાર થતા હોવાનુ ઠરાવી મુદ્દા નં.૫ નો નિર્ણય અંશત: હકાર માં ઠરાવવામાં આવે છે.

<u>**મુદ્દા નં.૨ તથા ૩ સંયુકત :**</u>

૮) આ કામે અરજદાર ધ્વારા પારીવારીક હિંસા થી સ્ત્રી ઓ નું રક્ષણ અધિનિયમ અન્વયે સામાવાળા વિરુધ્ધ મનાઈ ફરમાવવા તથા દાવાની રકમ રુ.૧,૦૦,૦૦૦/-મેળવવા દાદ માંગેલ છે પરંતુ કેવા સ્વ રુપ ના મનાઈ હુકમ ની અરજદાર ને જરુરત છે તે બાબતે અરજદાર સ્પષ્ટ નથી આમ તથા દાવા ની રકમ શી બાબત ની છે તેની કોઈ સ્પષ્ટતા અરજદારએ કરેલ નથી આમ અરજદાર કાલ્પનિક કારણો સર આવી દાદ મેળવવા હકકદાર થતા નથી આમ અરજદાર તેઓની અરજી ના ફોર્મ નં.૨ મુજબ ઘરેલુ હિંસા થી સ્ત્રી ઓ નું રક્ષણ અધિનિયમ ની કલમ ૧૮ મુજબ સામાવાળા વિરુધ્ધ મનાઈ ફરમાવવાની દાદ તથા દાવા ની રકમ રુ.૧,૦૦,૦૦૦/-મેળવવા હકકદાર થતા ના હોઈ મુદદા નં.૨ તથા ૩ નો નિર્ણય નકારમાં ઠરાવવા માં આવે છે.

૯) આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ અરજદાર મુદ્દા નં.૧ તથા ૪ પુરવાર કરવામાં સફળ થતા હોઈ તથા અન્ય મુદ્દાઓ પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોઈ મુદ્દા નં.૫ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

૧) આથી અરજદાર ની અરજી **અંશત: મંજુર** કરવામાં આવે છે.

૨) આથી સામાવાળા નં.૧ ના એ અરજદાર ને ભરણ પોષણ પેટે માસિક રૂ.૪,૦૦૦/-(ચાર હજાર પુરા) લેખે ની રકમ અરજી કર્યા તા.૧૩/૧૦/૨૦૨૩ થી નિયમિતપણે અને ચડયે ચડયા ચુકવી આપવાનો હુકમ કરવા માં આવે છે.

૩) આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે અરજદાર ને આ હુકમ અન્વયે જે ભરણ પોષણ ની રકમ ચુકવી આપવાનો સામાવાળા નં.૧ વિરુધ્ધ હુકમ કરવામાં આવેલ છે તે ઉપરાંત જો અરજદાર સામાવાળા નં.૧ પાસે થી અન્ય કાયદા અન્વયે ભરણ પોષણ ની રકમ મેળવતા હોય તો તે રકમ આ હુકમ અન્વયે ની રકમ માં થી મજરે ગણવાની રહેશે.

૪) આથી અરજદાર ની અરજી ની અન્ય દાદ ''**નામંજુર**'' કરવામાં આવે છે.

૫) સામાવાળા નં.૧ ના એ અરજદાર ને આ અરજી ના ખર્ચ પેટે રૂા.૫,૦૦૦/- (પાંચ હજાર પુરા) અલગ થી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: ૩૦ જી માહે જુન, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: રાધનપુર
તા.૩૦/૦૬/૨૦૨૬

(દીલીપસિંહ માનસિંહ રાઠોડ )
એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
રાધનપુર જી.જે.૦૦૭૪૨